**બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રીયા વર્ષ ૨૦૧૬ ના ૫મા તબક્કાના Qualified વેઈટીંગ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારો માટે ઓનલાઇન જિલ્લા પસંદગી અંગેની**

## સૂચનાઓ

- શિક્ષણ વિભાગના તા.૧૧/૨/૧૧ના જાહેરનામા અને તેમા થયેલા વખતોવખતના સુધારાની જોગવાઈઓ મુજબ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી વર્ષ-૨૦૧૬ના પાંચમા તબક્કા અન્વયે વેબસાઈટ પર તા.૦૯/૦૨/૨૦૨૧ના રોજ **Qualified** વેઈટીંગ લીસ્ટ વેબસાઈટ પર મુકવામાં આવેલ છે.
- વિષયવાર, કેટેગરીવાર ઉપલબ્ધ જગ્યાઓ અને વેઈટીંગ લિસ્ટમાં ઉપલબ્ધ ઉમેદવારોના પ્રમાણમાં **Qualified** વેઈટીંગ લીસ્ટ તૈયાર થયેલ છે. આ **Qualified** વેઈટીંગ લીસ્ટમાં દરેક ઉમેદવારની સામે તેમની પસંદગી કઈ કેટેગરીમાં થયેલ છે તેની વિગતો દર્શાવવામાં આવેલ છે. તેમજ **Qualified** વેઈટીંગ લીસ્ટના તમામ ઉમેદવારોને આ અંગેની **SMS** થી જાણ કરેલ છે.
- **Qualified** વેઈટીંગ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોએ પોતાની ઓનલાઈન જિલ્લા પસંદગી આપવાની રહેશે.
- **Qualified** વેઈટીંગ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારો તા.૧૨/૦૨/૨૦૨૧ના રોજ બપોર ૩:૦૦ કલાકથી તા.૨૦/૦૨/૨૦૨૧ના રોજ સાંજે ૦૬:૦૦ કલાક સુધી વેબસાઈટ **www.gserb.orpgujarat.com** પર પોતાની ઓનલાઈન જિલ્લા પસંદગી આપી શકશે.
- **Qualified** વેઈટીંગ લીસ્ટમાં સમાવિષ્ટ તમામ ઉમેદવારોએ ફરજિયાતપણે ઓનલાઈન જિલ્લા પસંદગી આપવાની રહેશે.
- ઓનલાઈન જિલ્લા પસંદગી ન આપનાર ઉમેદવારોનો જિલ્લા/શાળા પસંદગી અન્વયે કોઇ પણ પ્રકારનો હક્કદાવો રહેશે નહી. જેની સંબંધિતો ખાસ નોંધ લેવી.
- ઓનલાઈન જિલ્લા પસંદગી આપવા માટે, **...................................**
  - ઉમેદવાર વેબસાઈટ **www.gserb.orpgujarat.com** પર જઈ **home page** પર માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે જિલ્લા પસંદગીનો વિકલ્પ ક્લીક કરવાનો રહેશે.
  - જે ક્લીક કરતા ખૂલેલ ચેકબોક્સમાં ઉમેદવારે પોતાનો ટાટ નંબર, જન્મતારીખ, શૈક્ષણિક સ્નાતકનું પાસિંગ વર્ષ, ટાટ પરીક્ષાના ગુણ (ઉમેદવારે ઓનલાઇન અરજી સમયે જે ગુણ દર્શાવેલ હોય તે) નાખી લોગઈન થવાનું રહેશે.
  - લોગઈન થતાં સ્ક્રીન પર ઉમેદવારના વિષય અને કેટેગરી મુજબ ઉમેદવારના માટે ઉપલબ્ધ જિલ્લાઓના નામ ખૂલશે. દા.ત. ઉમેદવાર ગુજરાતી વિષયના હોય અને તેમને એલોટેડ કેટેગરી જનરલ હોય તો ગુજરાતી વિષયની જનરલ કેટેગરીની જગ્યાઓ જે જે જિલ્લામાં હોય તે જિલ્લાના નામ ઉમેદવારની સ્ક્રીન પર દેખાશે. તેમજ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ એક સ્વતંત્ર એકમ તરીકે અસ્તિત્વમા હોઇ જેતે શાળાની મહિલા અનામતની જગ્યા પર ફક્ત મહિલા ઉમેદવારોની જ ફાળવણી કરવાની હોઇ પુરૂષ ઉમેદવારોને મહિલા અનામતની જગ્યાઓ દર્શાવવામા આવશે નહિ.
  - ઉમેદવારને પોતાની સ્ક્રીન પર દેખાતા તમામ જિલ્લાઓને ક્લીક કરી પોતાના પસંદગીના ક્રમમાં ગોઠવવાના રહેશે.
  - ઓનલાઈન જિલ્લા પસંદગી આપતી વખતે ઉમેદવારે તેઓ માટે ઉપલબ્ધ તમામ જિલ્લાઓને પોતાની પસંદગીના ક્રમમાં ગોઠવવાના રહેશે, એટલે કે ૧૦૦% જિલ્લા પસંદગી આપશો તો જ ઓનલાઈન જિલ્લા પસંદગી સબમીટ થશે. અન્યથા આપની ઓનલાઈન જિલ્લા પસંદગી સ્વીકૃત બનશે નહીં. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.
  - ઉમેદવારો પોતાની જિલ્લા પસંદગીમાં જિલ્લા પસંદગી આપવાની છેલ્લી તા. ૨૦/૦૨/૨૦૨૧ના રોજ સાંજના ૫:૫૯ કલાક સુધી ફેરફાર કરી શકશો. પરંતુ તા. ૨૦/૦૨/૨૦૨૧ના રોજ સાંજના ૦૬:૦૦કલાકે આપે જે જિલ્લા પસંદગી આપેલ હશે તેને અંતિમ માની સોફ્ટવેર ઓટો સબમીટ આપી દેશે અને તદ્દનુસાર આપના મેરીટ મુજબ આપને સોફ્ટવેર ઓનલાઈન જિલ્લા ફાળવણી કરવામાં આવશે.
  - ઉમેદવાર પ્રિન્ટનો ઓપશન સિલેક્ટ કરી પોતે આપેલ જિલ્લા પસંદગીની પ્રિન્ટ મેળવી શકશે.
  - ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ આપને શુભકામનાઓ પાઠવે છે.